તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૨૫ થી તા. ૧૨-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૪-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ-૧/પથિક/જાહેરનામું-૧૫/૦૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૦૫-૦૭-૨૦૨૫ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૦૧-૦૭-૨૦૨૫ વાળી દરખાસ્તની વિગતે કચ્છ જિલ્લાના શહેરી/ગ્રામ્ય તેમજ અંતરીયાળ વિસ્તારમાં આવેલ ગેસ્ટ હાઉસ તથા હોટલોમાં ત્રાસવાદી સંગઠનોના માણસો રોકાઈને પોતાની

ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી હોય આવા તત્વો બાબતે સંપુર્ણ માહીતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારૂ હોટલ ગેસ્ટ હાઉસના માલીકો/સંચાલકોએ નિયમોનું પાલન કરવા તેમજ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveller & Hotel informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી કચ્છ જિલ્લામાં તે મજુબની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

જેથી, હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સમગ્ર કચ્છ જિલ્લા શહેરી/ગ્રામ્ય તેમજ અંતરીયાળ વિસ્તારમાં આવેલ દરેક હોટલ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મશાળા/ સમાજવાડી/મુસાફરખાનાના માલિકો/ સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveller & Hotel informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફ્ટવેરમાં કરવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મશાળા/સમાજવાડી મુસાફરખાનામાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ પોલીસ ખાતાએ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટરનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૨૫ થી તા. ૧૨-૦૯-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તા. ૧૪-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ-૧/સાઈકલ/મોપેડ/જાહેરનામુ-૦૩/૦૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૦૫-૦૭-૨૦૨૫ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૦૧-૦૭-૨૦૨૫ વાળી દરખાસ્તની વિગતે વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનાના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/ મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીશ્રીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૨૫ થી તા. ૧૨-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૪-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. મેજી/પોલ-૧/સીમકાર્ડ/જાહેરનામુ-૦૪/૦૭/૨૦૨૩.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૦૫-૦૭-૨૦૨૫ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૦૧-૦૭-૨૦૨૫ વાળી દરખાસ્તની વિગતે વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ

કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૫-૦૭-૨૦૨૫ થી તા. ૧૨-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૪-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ ભુજ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ હોસ્પિટલ/કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામુ

નં. નાચી/પલસ/વશી/૬૪૯/૨૦૨૫.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીના તા. ૧૫-૦૭-૨૦૨૫ ના પત્ર નં. આરો-૩૪/પી.સી.પી.એન.ડી.ટી./સી.સી.ટી.વી./જાહેરનામા/દરખાસ્ત/વશી/૫૮/૨૦૨૫ થી P.C. And P.N.D.T. ACT-1994 ના અમલીકરણ માટે રચાયેલ સલાહકાર સમિતિમા અમરેલી જિલ્લામાં જાતિય પરીક્ષણનાં ગુન્હા રોકવા માટે દરેક P.C. And P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમાં બિનઅધિકૃત લોકોની અવર-જવર ઉપર દેખરેખ માટે ફરજીયાત ૩૦-દિવસના ઓડિયો-વિડીયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમરેલી દ્વારા કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમા P.C. And P.N.D.T. ACT હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલો/કિલનિક/સંસ્થાઓમાં ફરજીયાત પણે ૩૦-દિવસના સી.સી.ટી.વી. કેમેરાના ઓડીયો-વિડિયો રેકોર્ડિંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથેના સી.સી.ટી.વી. કેમેરા જે તે સ્થળને સમ્પૂર્ણ પણે આવરી લે તેવી રીતે પુરતી સંખ્યામા લગાવવાના રહેશે અને ૨૪×૭ કાર્યરત રાખવાના રહેશે.

૨. સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી, તેમજ સોનોગ્રાફી રૂમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ.

૩. નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નિકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારનાં દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના

રહેશે. જો સોનોગ્રાફી રૂમનાં આવન-જાવનનાં દરવાજા અલગ અલગ હોય તો બન્ને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવાનાં રહેશે.

૪. સંબધંક ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સંબધંક હોસ્પિટલ/કિલનિક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૨૦-૦૭-૨૦૨૫ થી તા. ૧૭-૦૯-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા સુધી અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલી, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ હુકમ અન્વયે અમરેલી જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમરેલી, સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૯ જુલાઈ-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અમરેલી, ૧૯ માહે મે, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૩૬/જા.ના./શિહોર રેલ્વે ફાટક/૨૦૨૫.- શિહોર ખાતે આવેલ શિહોરથી ધાંધળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર ઓવરબ્રીજના કામે અત્રેથી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના જાહેરનામાંથી શિહોરથી ધાંધળી તરફ તેમજ ધાંધળીથી શિહોર શહેર તરફ આવતા-જતાં વાહનો માટે ડાયવર્ઝન રૂટ અંગેનું તા. ૩૧-૦૭-૨૦૨૫ની મુદત સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું ઓવરબ્રીજની કામગીરી અંદાજીત ૧૮-(અઢાર) મહિના સુધી સતત ચાલુ રેહવાની હોય ઉકત જાહેરનામાની મુદતમાં શકય તેટલો વધારો કરી આપવા Manager(Pro), PIU, Bhavnagar, GUDC ના તા. ૨૪-૦૭-૨૦૨૫ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્તની વિગતે જાહેરનામાં બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી શિહોર ખાતે આવેલ શિહોરથી ધાંધળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા. ૦૨-૦૮-૨૦૨૫ થી તા. ૦૧-૦૯-૨૦૨૫ સુધી શિહોરથી ધાંધળી તરફ તેમજ ધાંધળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

➢ માત્ર ટુ-વ્હીલર તથા ફોરવ્હીલ વાહનોની અવરજવર માટે :

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ધાંધળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ધાંધળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ધાંધળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

➢ મોટા વાહનોની અવર-જવર માટે :

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ધાંધળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ધાંધળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ધાંધળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ધાંધળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનમાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૩૧-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૪૮૬/૨૦૨૪.-જિલ્લા સેવા સદન બોટાદ ખાતે બોટાદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવરજવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં ઉપવાસ, રેલી, ધરણા કે આત્મવિલોપન કરવા આવતા હોય છે જેના કારણે તંગદિલીભર્યું વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કતને કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહ શાંતિ જળવાઈ રહે અને સરકારી માલ મિલકતને નુકશાન ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન બોટાદ પરિસરની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતુ કારણ છે અને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છુ કે, બોટાદ જિલ્લા સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને તા. ૨૫-૦૭-૨૦૨૪૫ થી તા. ૨૪-૦૯-૨૦૨૫ સુધી પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરૂ છું તથા આ પ્રતિબંધીત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈએ ઉપવાસ પર બેસવુ નહી કે ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યકિતએ પુર્વ મંજુરી સિવાય લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહી.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ સાથે રાખવો નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ સરકારી નોકર કે, સરકારશ્રીની ફરજ પર હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે કોઈપણ પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૫-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

વર્ષ-૨૦૨૫ ની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કરાવવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

વંચાણ : નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુ.નગરના તા. ૨૨-૦૭-૨૫ના પત્ર નં. વહટ-૧/વા.ફા./૩૮૩૧/૨૪/૮૩૪.

જાહેરનામું

નં. મજસ-૩/ફા.પ્રે.તાલીમ/જા.નામુ વશી/૨૦૨૫/વશી ૩૬૪૦ થી ૩૬૬૪.-

(૧) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરની કચેરીનાં વંચાણવાળા પત્રથી અત્રેના જિલ્લામાં પોલીસ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની વર્ષ૨૦૨૪ની ફાયરીંગ પ્રેકટીસ બોકી હોય ફાયરીંગ પ્રેકટીસ કરાવવા માટે ચોટીલા તાલુકાના મોજે : કાંધાસર (સાંગાણી), તા. ચોટીલા ખાતે સરકારશ્રી તરફથી જિલ્લાને ફાયરીંગ બટ માટે ફાળવેલ સાંગાણી સરવે નં. ૬૧ પૈકીની હે. ૭-૧૩-૩૦ ચો.મી. વાળી પોલીસ ખાતાના નામ/કબજાવાળી જમીન (ફાયરીંગ બટ) ખાતે પ્રેકટીસ આગામી તા. ૦૧-૦૮-૨૦૨૫ થી તા. ૧૦-૦૮-૨૦૨૫ દિન-૧૦ સુધી ફાયરીંગ પ્રેકટીસ કરાવવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) આ ફાયરીંગ બટની આજુબાજુ વિસ્તારમાં ગોળીબારના સમયે અકસ્માત ન સર્જાય તે હેતુથી હરવા-ફરવા, વાહન લઈ જવા તેમજ ઢોર ઢાંખર ચારવા નીકળવા ઉપર ગોળીબારથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ નીકલમ-૧૬૩ મુજબ મને મળેલ અધિકારની રૂઈએ હું આર. કે. ઓઝા, G.A.S., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, આથી ફરમાવું છું કે, તા. ૦૧-૦૮-૨૦૨૫ થી તા. ૧૦-૦૮-૨૦૨૫ સુધી ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુનાં ફરતા એક માઈલનાં વિસ્તારમાં કોઈએ હરવું-ફરવું નહી કે, વાહન લઈને નીકળવું નહી, તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા નહી કે છૂટા ફરવા દેવા નહી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. ઉકત વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોસ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીના ઉકત જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧ માહે જુલાઈ સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામા આવ્યો.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(સી) હેઠળનું

વંચાણે :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વર્તુળ નં. ૬, ગાંધીનગરના તા. ૧૧-૦૭-૨૫ ના જા.નં. નયોનવન-૬/પીબી-૧/ફા-૩૭-A/ડાયવર્ઝન/૪૬-૧૦૪/૧૮૫૭.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૬/૧, મોરબીના તા. ૧૧-૦૭-૨૦૫ના પત્ર નં. સૌ.શા.ન.વિ.૬/પીબી/૧૦૨૨.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૧/૩, કડીના તા. ૨૩-૦૭-૨૦૨૫ ના જા. નં. સૌશાનવિનં.૧/૩/૧૦૨૦૯૦/જાહેરનામું/૫૦૫.

(૪) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૦૭-૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૫૮/૨૫.

જાહેરનામું

નં. મજસ-૩/રૂટ ડાઈવર્ઝન જા.નામું./૨૦૨૫/વશી ૩૫૬૨ થી ૩૫૯૦.-

૧. વંચાણ ક્રમાંક-૧ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર થી ખમીસણા જતા રસ્તા પર આવેલ સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૧૦૪.૦૧૦ પર આવેલ પુલ તથા વંચાણ ક્રમાંક-૨ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર થી ખમીસણા જતા રસ્તા પર આવેલ મોરબી શાખા નહેરની સાંકળ ૦.૩૮૦ કિ.મી. પર આવેલ પુલ તથા વંચાણ-૩ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે આવેલ સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૧૦૨.૦૯૦ કિ.મી. પર આવેલ પુલની માળખાકિય પરિસ્થિતિ Critical category માં હોય પુલ પરના વાહન વ્યવહાર બંધ કરી રૂટ ડાયવર્ઝન કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત મળેલ છે.

૨. વંચાણ-૪ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી સુરેન્દ્રનગર થી ખમીસણા જતા રસ્તા પર બંધ કરવાના થતા પુલો અંગે રૂટ ડાયવર્ઝન કરવા અભિપ્રાય આપેલ છે.

૩. વંચાણ ક્રમાંક-૧ અને ૩ ની દરખાસ્તો અને વંચાણ ક્રમાંક-૪ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના અભિપ્રાયો ધ્યાને લઈ આ સાથેના પરિશિષ્ટ મુજબના પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતું હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી પુલોના નવીનીકરણ/રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખિત પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

૪. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૫. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૫ માહે-જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

તા. ૨૫-૦૭-૨૦૨૫ના જાહેરનામા નં. મજસ-૧/રૂટ ડાયવર્ઝન જા.નામુ./૨૦૨૫/વશી ૩૫૬૨ થી ૩૫૯૦ સાથેનું પરિશિષ્ટ

ક્ર. નં.	શાખાનું નામ	જાહેરનામાથી બંધ કરવામાં આવેલ પુલનું નામ/વિગત	વૈલ્પિક રૂટ
૧	સૌરાષ્ટ્ર શાખા નહેર	સુરેન્દ્રનગર થી ખમીસણા જતા રસ્તા પર આવેલ સાંકળ ૧૦૪.૦૧૦ કિ.મી. પરનો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	**નાના વાહનો માટે :** ખમીસણા ગામ તરફથી સુરેન્દ્રનગર જવા માટે નાના વાહનો માટે ખમીસણા ગામ તરફથી સુરેન્દ્રનગર આવવા માટે ખમીસણાથી ચમારજ ગામ થઈ દુધરેજ વડવાળા મંદીર થી દુધરેજ વટેશ્વર વન પાસે થઈ કેનાલ વાળા રોડ થી સુરેન્દ્રનગર તરફ આવવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. સુરેન્દ્રનગર તરફથી ખમીસણા ગામ જવા માટે સુરેન્દ્રનગર તરફથી ખમીસણા જવા માટે સુ.નગર સી. યુ. શાહ મેડીકલ કોલેજ વાળા રસ્તે થી નર્મદા કેનાલની ડાબી બાજુ નર્મદાના કેનાલના રોડ પર આગળ ૫૦૦ મીટર પર નર્મદા કેનાલનું નાળુ આવેલ છે. જે નાળા પરથી ધ્રાંગધ્રા તરફ જતા રસ્તાની વચ્ચે ડાબી બાજુ ખોડુ ત્રણ રસ્તા થઈ દુધરેજ વડવાળા મંદીર થી ચમારજ થઈ ખમીસણા તરફ જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ક્ર. નં.	શાખાનું નામ	જાહેરનામાથી બંધ કરવામાં આવેલ પુલનું નામ/વિગત	વૈલ્પિક રૂટ
૨	મોરબી શાખા નહેર	સુરેન્દ્રનગર થી ખમીસણા જતા રસ્તા પર આવેલ સાંકળ ૦.૩૮૦ કિ.મી. પરનો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	**મોટા-ભારે-માલવાહક વાહનો માટે :** ખમીસણા ગામ તરફથી સુરેન્દ્રનગર જવા માટે મોટા વાહનો માટે ખણીસણા ગામ તરફથી સુરેન્દ્રનગર જવા માટે ખમીસણા થી દાણાવાડા ગામ, ગોદાવરી ગામ, શેખપર થઈને સુરેન્દ્રનગર તરફ જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. સુરેન્દ્રનગર થી ખણીસણા ગામ તરફ જવા માટે મોટા વાહનો માટે ખમીસણા ગામ તરફથી સુરેન્દ્રનગર જવા માટે ખમીસણા થી દાણાવાડા ગામ, ગોદાવરી ગામ, શેખપર થઈને સુરેન્દ્રનગર તરફ જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. સુરેન્દ્રનગર થી ખમીસણા ગામ તરફ જવા માટે મોટા વાહનો માટે સુરેન્દ્રનગર થી શેખપર ગામ થી ગોદાવરી ગામ, દાણાવાડા થઈને ખમીસણા જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
૩	સૌરાષ્ટ્ર શાખા નહેર	સુરેન્દ્રનગર તરફથી ખમીસણા જવા માટે સુ.નગર સી. યુ. શાહ મેડીકલ કોલેજ વાળા રસ્તે થી નર્મદા કેનાલની ડાબી બાજુ નર્મદાના કેનાલના રોડ પર આગળ ૫૦૦ મીટર પર આવેલ સાંકળ ૧૦૨.૦૯૦ કિ.મી. પર આવેલ પુલ (ફકત ભારે-મોટા માલવાહક વાહન માટે પ્રતિબંધિત)	**મોટા તથા માલવાહક વાહનો માટે :** (૧) ધ્રાંગધ્રા તરફથી આવતા મોટા વાહનોને સુરેન્દ્રનગર, લીંબડી, મુળી, ચોટીલા, રાજકોટ તરફ જવા માટે ધ્રાંગધ્રા થી કોંઢ, સરા, સરલા જતા રસ્તાનો ઉપોયગ કરવાનો રહેશે. (૨) મુળી, ચોટીલા, રાજકોટ તરફથી આવતા મોટા વાહનોને ધ્રાંગધ્રા જવા માટે મુળી, સરલા, સરા, કોંઢ થી ધ્રાંગધ્રા જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. (૩) સુરેન્દ્રનગર, લીંબડી તરફથી આવતા વાહનોને ધ્રાંગધ્રા તરફ જવા માટે ગેબનશાહ પીર સર્કલથી લખતર, વણા, માલવણ જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

આર. કે. ઓઝા G.A.S.
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/ભારે વાહન/વૈકલ્પીક/જાહેરનામું/૬૮૨/૨૦૨૫.-નેશનલ હાઈવે થી નવાગામ (આણંદપર) એપ્રોચ રોડ ઉપર ચેનેજ ૦/૯૦૦ કી.મી. ઉપર આવેલ રાજાશાહી વખતના આર્ચ ટાઈપ મેશનરી બ્રિજ ખરાબ કંડીશનમાં હોય, જેથી ભારે વાહનોની અવર-જવર માટે જોખમી હોય, જેથી હાલ ભારે વાહનની અવર-જવર માટે પુલ ઉપરનો રસ્તો બંધ કરી ભારે વાહનોને ટ્રાફિક રાજકોટ કુવાડવા નેશનલ હાઈવે થી સોખડા સાત-હુનમાન ફલાઈ ઓવર નીચેના સર્વિસ રોડથી વૈકલ્પીક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને નવાગામ એપ્રોચ રસ્તા ઉપર નવા બ્રીજનું કામ ન થાય ત્યાં સુધી એન.એચ. નવાગામ એપ્રોચમાં આવેલ આર્ચ ટાઈપ મેશનરી માઈનર બ્રીજ ઉપર ભારે વાહનો માટે બંધ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	રાજકોટ થી નવાગામ (આણંદપર) ગામ તરફ	ભારે વાહનો માટે	રાજકોટ-કુવાડવા નેશનલ હાઈવે (સોખડા સાત હનુમાન ફલાય ઓવર નીચેથી નવાગામ તરફ જઈ શકશે)
૨	નવાગામ (આણંદપર) ગામથી કુવાડવા તરફ	ભારે વાહનો માટે	નવાગામ થી રાજકોટ-કુવાડવા નેશનલ હાઈવે તરફ જઈ શકશે

આથી હું બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૩૦-૦૭-૨૦૨૫ થી સદરહુ બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મારી સહી, સીકકા કરી ઉકત વિગતેનું જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સજોગોમાં લાગુ પડશે નહી.

રાજકોટ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

- અત્રેની કચેરીનાં જાહેરનામા ક્રમાંક : સીબી-૬/કટારીયા ચોકડી/જાહેરનામુ/૫૮૭/૨૫, તા. ૧૯-૦૬-૨૫.

જાહેરનામું

➢ **આંશિક ફેરફાર :**

ક્રમાંક : સીબી-૬/કટારીયા ચોકડી/આંશિક ફેરફાર/જાહેરનામું/૭૧૭/૨૦૨૫.-વંચાણવાલા જાહેરનામા ક્રમાંકથી રાજકોટ શહેર ખાતે આવેલ કાલાવડ રોડ ૧૫૦-ફુટ રીંગરોડ-૨, કટારીયા ચોકડી પર ફલાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાના કામે તા. ૨૬-૦૩-૨૦૨૫ ના રોજ માનનિય મુખ્ય મંત્રીશ્રી દ્વારા ખાતમુર્હુત કરવામાં આવેલ હોય, જે અનુસાર આ કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે હાલ આ કામે રોડની બંને બાજુએ સર્વિસ રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, આ કામ માટે કટારીયા ચોકડી ખાતેનો ટ્રાફિક બંધ કરી અન્ય વૈકલ્પિક રસ્તાઓ પર ટ્રાફિકને ડાયવર્ટ કરવો જરૂરી હોય, જેથી કટારીયા ચોકડી પર ફલાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિબંધિત રૂટ તથા વૈકલ્પિક રૂટ વિગેતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જે જાહેરનામામાં વૈકલ્પિક રૂટના પેટા ક્રમ નં.-(૫)માં ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ જામનગર રોડ રોડથી કાલાવડ રોડ થી ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ ગોંડલ રોડ થી રત્નવિલા પેલેસવાળા રસ્તે થઈ કાલાવડ રોડ કણકોટ પાટીયા થી વીર-વિરૂ તળાવવાળા રસ્તે થી ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ થી અવર-જવર કરી શકાશેનું જણાવેલ છે પરંતુ કણકોટ પાટીયા થી વીર-વિરૂ તળાવવાળા રસ્તે થી ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ નો રસ્તો ખરાબ હોવાથી તે વૈકલ્પિક રૂટ ઉપર અવર-જવર કરી શકાશે નહીં અને નીચે જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર જઈ શકાશે.

➢ **વૈકલ્પિક રૂટ :**

➢ ૧૫૦-ફૂટ રીંગરોડ-૨ જામનગર રોડ રોડ થી કાલાવડ રોડ થી ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ ગોંડલ રોડ તરફ બંને તરફ ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહનો માટે આવવા તથા જવા માટે.

- ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ રત્નવિલા પેલેસવાળા રસ્તે થઈ કાલાવડ રોડ તરફ અવર-જવર કરી શકાશે.

આથી હું બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૦૧-૦૮-૨૦૨૫ થી સદરહું બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મારી સહી સીકકા કરી ઉકત વિગતેનું જાહેર જનતાની જાણ માટે આંશિક ફેરફાર કરી સુધારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનીયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

નોંધ : વંચાણવાળા જાહેરનામામાં જણાવેલ અન્ય વિગતો યથાવત રહેશે.

રાજકોટ, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશનર
રાજકોટ શહેર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ક-૨/૨૦૩/૧૪૬૮/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી આશાપુરા કન્ઝુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., ઓફીસ નં. ૧૧૧, પહેલો માળ, કચ્છ આર્કેડ પ્લેટિનમ, રેલવે બ્રિજની બાજુમાં, મુ. ગાંધીધામ, તા. ગાંધીધામ, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ (સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTBHA202500680

ભુજ-કચ્છ, ૦૫ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

૨. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

૩. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૧૭૫/૨૦૨૦ તા. ૧૮-૦૭-૨૦૨૦.

૪. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૧૯૪/૨૦૨૦ તા. ૧૧-૦૯-૨૦૨૦.

૫. શ્રી અધિક રજીસ્ટ્રાર (અપીલ), સ. મં. ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : સકક/ક-અપીલ/૨૯૭/૨૦૨૧ તા. ૦૧-૦૭-૨૦૨૧.

૬. નાયબ સચિવ (અપીલ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરનો હુકમ ક્રમાંક : જીસીએસ/૧૦/૨૦૧૧/રી.અ.૫૮/છ, તા. ૩૦-૦૯-૨૦૨૨.

૭. નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ સ્પેશ્યલ સિવિલ અપીલ નં. ૭૦૫૬/૨૦૨૩ તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળુ જજમેન્ટ.

૮. શ્રી દિનોધ્ધાર મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. દદામાપર તા. અબડાસા-કચ્છની તા. ૧૦-૧૧-૨૦૨૩ વાળી રજુઆત.

૯. અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/છ/૫૫/ ૨૦૨૪ તા. ૨૩-૦૧-૨૦૨૪.

૧૦. અત્રેની કચેરીનો રજી. એ. ડી. પત્રો (૧) તા. ૧૪-૦૩-૨૦૨૪ (૨) તા. ૨૮-૦૬-૨૦૨૪.

૧૧. મંડળીની રજુઆત પત્ર (૧) તા. ૨૧-૦૨-૨૦૨૪ (૨) તા. ૦૫-૦૩-૨૦૨૪ (૩) તા. ૨૬-૦૩-૨૦૨૪ (૪) તા. ૧૧-૦૭-૨૦૨૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૦૧/છ/૭૨/૨૦૨૫/૨૦૯૩.-આથી હું એમ. એલ. અગરવાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ ઉપરોક્ત વંચાણ ક્રમ-(૧) થી મળેલ સત્તા અને વંચાણ ક્રમ (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી અને મળેલ અધિકારની રૂએ શ્રી દિનોધ્ધાર મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. દદામાપર તા. અબડાસા-કચ્છ જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૫૮૮૮ તા. ૨૬-૦૩-૧૯૮૫ થી નોંધાયેલી છે તેને તે જ કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ઉકત વંચાણ ક્રમ-(૩) વાળાથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેની સામે ઉપરોકત પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ તેમજ ઉપરોકત વંચાણ ક્રમ-(૫) અને (૬)ના હુકમની વિગતો ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળા જજમેન્ટની વિગતો ધ્યાને લઈ મંડળીના જવાબદાર હોદેદારોને રજુઆત કરવાની વાજબી પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં મુદા નં. ૧ થી ૪ના આધાર પુરાવા સાથેની રજુઆતો કરવામાં આવેલ ન હોઈ તેને તે જ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંની નિમણુંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયત મુદત સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

૨. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

૩. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૧૭૬/૨૦૨૦ તા. ૧૮-૦૭-૨૦૨૦.

૪. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૧૯૩/૨૦૨૦ તા. ૧૧-૦૯-૨૦૨૦.

૫. શ્રી અધિક રજીસ્ટ્રાર (અપીલ), સ. મં. ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : સકક/ક-અપીલ/૨૯૬/૨૦૨૧ તા. ૦૧-૦૭-૨૦૨૧.

૬. નાયબ સચિવ (અપીલ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરનો હુકમ ક્રમાંક : જીસીએસ/૧૦/૨૦૧૧/રી.અ.૫૯/છ, તા. ૩૦-૦૯-૨૦૨૨.

૭. નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ સ્પેશ્યલ સિવિલ અપીલ નં. ૮૬૦૨/૨૦૨૩ તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળુ જજમેન્ટ.

૮. શ્રી કંડલા ગોદી મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. નવા કંડલા તા. ગાંધીધામ-કચ્છની તા. ૧૦-૧૧-૨૦૨૩ વાળી રજુઆત.

૯. અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/છ/૫૪/૨૦૨૪ તા. ૨૩-૦૧-૨૦૨૪.

૧૦. અત્રેની કચેરીનો રજી. એ. ડી. પત્રો (૧) તા. ૧૪-૦૨-૨૦૨૪ (૨) તા. ૧૩-૦૩-૨૦૨૪ (૩) તા. ૦૧-૦૪-૨૦૨૪ (૪) તા. ૨૮-૦૬-૨૦૨૪.

૧૧. મંડળીની રજુઆત પત્ર (૧) તા. ૦૯-૦૨-૨૦૨૪ (૨) તા. ૨૧-૦૩-૨૦૨૪ (૩) તા. ૦૮-૦૪-૨૦૨૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૦૧/છ/૭૩/૨૦૨૫/૨૦૯૪.-આથી હું એમ. એલ. અગરવાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ ઉપરોક્ત વંચાણ ક્રમ-(૧) થી મળેલ સત્તા અને વંચાણ ક્રમ (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી અને મળેલ અધિકારની રૂએ શ્રી કંડલા ગોદી મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. નવા કંડલા તા. ગાંધીધામ-કચ્છ જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૩૧૪ તા. ૦૩-૦૮-૧૯૭૨ થી નોંધાયેલી છે તેને તે જ કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ઉકત વંચાણ ક્રમ-(૩) વાળાથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેની સામે ઉપરોકત પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ તેમજ ઉપરોકત વંચાણ ક્રમ-(૫) અને (૬)ના હુકમની વિગતો ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળા જજમેન્ટની વિગતો ધ્યાને લઈ મંડળીના જવાબદાર હોદેદારોને રજુઆત કરવાની વાજબી પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં મુદા નં. ૧ થી ૭ના આધાર પુરાવા સાથેની રજુઆતો કરવામાં આવેલ ન હોઈ તેને તે જ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંની નિમણુંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયત મુદત સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

૨. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

૩. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૧૭૫/૨૦૨૦ તા. ૧૮-૦૯-૨૦૨૦.

૪. મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૦૧/છ/૨૧૮/૨૦૨૦ તા. ૧૭-૧૦-૨૦૨૦.

૫. શ્રી અધિક રજીસ્ટ્રાર (અપીલ), સ. મં. ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : સકક/ક-અપીલ/૨૯૫/૨૦૨૧ તા. ૦૧-૦૭-૨૦૨૧.

૬. નાયબ સચિવ (અપીલ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરનો હુકમ ક્રમાંક : જીસીએસ/૧૦/૨૦૧૧/રી.અ.૬૦/છ, તા. ૩૦-૦૯-૨૦૨૨.

૭. નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ સ્પેશ્યલ સિવિલ અપીલ નં. ૭૦૫૬/૨૦૨૩ તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળુ જજમેન્ટ.

૮. શ્રી અબડાસા તાલુકા એસ.સી.એસ.ટી. મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. મોથાળા તા. અબડાસા-કચ્છની રજુઆત પત્ર તા. ૧૦-૧૧-૨૦૨૩.

૯. અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/છ/૪૭/૨૦૨૪ તા. ૨૦-૦૧-૨૦૨૪.

૧૦. મંડળીની રજુઆત પત્રો (૧) તા. ૦૮-૦૨-૨૦૨૪ (૨) તા. ૧૯-૦૩-૨૦૨૪ (૩) તા. ૩૦-૦૩-૨૦૨૪ (૪) તા. ૨૪-૦૪-૨૦૨૪ (૫) તા. ૨૮-૧૦-૨૦૨૪ (૬) તા. ૨૮-૧૧-૨૦૨૪.

૧૧. અત્રેની કચેરીનો રજી. એ.ડી. પત્રો (૧) તા. ૧૪-૦૩-૨૦૨૪ (૨) તા. ૨૦-૦૪-૨૦૨૪ (૩) તા. ૧૬-૧૧-૨૦૨૪.

૧૨. શ્રી કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત, ભુજ-કચ્છને પાઠવેલ તા. ૧૧-૧૨-૨૦૨૪ અને તા. ૦૭-૦૩-૨૦૨૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૦૧/છ/૭૪/૨૦૨૫/૨૦૯૫.-આથી હું એમ. એલ. અગરવાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ ઉપરોકત વંચાણ ક્રમ-(૧) થી મળેલ સત્તા અને વંચાણ ક્રમ (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી અને મળેલ અધિકારની રૂએ શ્રી અબડાસા તાલુકા એસ.સી.એસ.ટી. મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. સાંધવ તા. અબડાસા-કચ્છ જે સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૧૧૯૨૨ તા. ૨૦-૧૧-૨૦૦૦ થી નોંધાયેલી છે તેને તે જ કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ઉકત વંચાણ ક્રમ-(૩) વાળાથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેની સામે ઉપરોકત પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ તેમજ ઉપરોકત વંચાણ ક્રમ-(૫) અને (૬)ના હુકમની વિગતો ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૬-૧૦-૨૦૨૩ વાળા જજમેન્ટની વિગતો ધ્યાને લઈ મંડળીના જવાબદાર હોદેદારોને રજુઆત કરવાની વાજબી પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં મુદા નં. ૧ થી ૪ના આધાર પુરાવા સાથેની રજુઆતો કરવામાં આવેલ ન હોઈ તેને તે જ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંની નિમણુંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયત મુદત સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

એમ. એલ. અગરવાલ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૫૫/નં. CSGIRSENF 20251054.-જાહેર કરે છે કે શ્રી ગીર ગઢડા પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી લી.

મંડળીનુ કાર્યક્ષેત્ર ઉના, ગીર ગઢડા તાલુકા પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઘ/ /નં. CSGIRSEMILK 202500901.-જાહેર કરે છે કે શ્રી જાવંત્રી કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી.

મંડળીનુ કાર્યક્ષેત્ર મુ. જાવંત્રી, વડાળા, આંકોલવાડી, વાડલા, રસુલપરા, જાંબુર, સુરવા, બામણસા ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૫૪/નં. CSGIRSA 202501053.-જાહેર કરે છે કે શ્રી વેલણ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી.

મંડળીનુ કાર્યક્ષેત્ર મુ. વેલણ, માઢવાડ, ડોળાસા ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એન. ડી. ગોહિલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.08.21 16:53:09 IST